|| चैतन्य ||
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# ભારતમાં ડાર્ક- ટુરિઝમની વિભાવના, વિશેષતા અને મહત્વ

ડો.વિનોદ બથવાર
ઇતિહાસ વિભાગ
કવિશ્રી બોટાદકર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ- બોટાદ

## સારાંશ :

ડાર્ક ટુરિઝમ એવા પ્રવાસન સ્થળોનું પ્રતિનિધિત્વ કરે છે કે જેમાં મૃત્યુ, વેદના, સામૂહિક હત્યાકાંડ, ફરિયાદો, દુર્ઘટના વગેરેનો સમાવેશ થાય છે. ડાર્ક ટુરિઝમ ઐતિહાસિક વારસો, પ્રવાસન અને દુર્ઘટનાઓનું સંયોજન છે. આ પ્રવાસન સ્થળોનાં વિકાસની વિશાળ શક્યતાઓ છે અને તે પ્રવાસન ઉધોગનાં આર્થિક વિકાસમાં અનેક સિદ્ધિઓ આપી શકે છે. આ પ્રવાસન સ્થળોની મુલાકાતે આવનાર પ્રવાસીઓ ૩૫-૫૦ વયનાં યુવા પ્રવાસી છે. આપણા પ્રવાસન સ્થળો ડાર્ક ટુરિઝમની વિભાવના, ધારણાઓ અને વલણને ઓળખવામાં અને પ્રોત્સાહનમાં પાછળ નથી. ભારતના પ્રવાસન સ્થળોમાં ડાર્ક ટુરિઝમના સ્વરૂપના વિકાસની અનેક શક્યતાઓ રહેલી છે. ભારત, ડાર્ક ટુરિઝમની લગભગ તમામ પેટા-શ્રેણીઓ સમાવિષ્ટ વૈવિધ્યસભર પ્રવાસન સ્થળોનું મહત્વ ધરાવે છે. જો ભારત ડાર્ક ટુરિઝમની નીતિ, વિશ્વવ્યાપી દૃષ્ટિકોણ ,બુનિયાદી માળખુ બનાવશે, યોગ્ય જાહેરાત અને રાજકીય મુદ્દાઓ વગેરે પડકારોનો સામનો કરશે તો ભારતીય ડાર્ક ટુરિઝમના સ્થળો આંતરરાષ્ટ્રીય પ્રવાસન ક્ષેત્રે વિકસીત થશે.

ચાવી રૂપ શબ્દો: ડાર્ક ટુરિઝમ, પ્રવાસન, પ્રવાસન સ્થળો,

## ૧. ભૂમિકા :

પ્રવાસન શબ્દ આધુનિક છે. જયારે આપણે ત્યાં મુસાફરી, યાત્રા, તીર્થ યાત્રા, સફર વગેરે શબ્દો ધણા જૂના સમયથી પ્રચલીત હતા. આધુનિક સમયમાં પ્રવાસન ક્ષેત્રે અનેક પરિવર્તનનો આવ્યા છે.આ પરિર્વતનમાં પ્રવાસીની રસ, રૂચી, આનંદ- પ્રમોદ, પ્રવાસન સ્થળોની માળખાગત સુવિધાઓ, આયોજન, ભૌતિક સુવિધાઓમાં વધારો, પ્રવાસન નીતિઓ વગેરે પરિબળો જવાબદાર છે.

દરેક પ્રવાસીઓનાં પ્રવાસન સ્થળોની રસ અને રૂચી અલગ રહ્યા છે. નિત્ય જીવન શૈલીથી કંઇક નવીનતમ અનુભવ, આનંદ, સાહ્સ, વગેરેની પળો માણવા, પ્રવાસીઓ પ્રવાસનનું આયોજન કરે છે. પ્રવાસીનાં સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રવાસન આયોજનથી વ્યાપાર પાત્રા, તીર્થ યાત્રા, મિત્રો અને સંબંધીઓનું મિલન, મેળાઓ, વિશ્રામ, ખેલ વગેરે હેતુનો સમાવિષ્ટ થાય છે. આ વ્યાપક દૃષ્ટીકોણને ધ્યાનમાં રાખીને પ્રવાસનની વ્યાખ્યા આપી શકાય છે કે " તે વ્યક્તિ કે જે આનંદ પ્રમોદવાળા કે પોતાની પસંદગીના કે રસના કે અન્ય પ્રાકૃતિક સૌંદર્યવાળા સ્થળોનો પ્રવાસ કરે છે. "

ભારત સાંસ્કૃતિક, ઐતિહાસિક અને કુદરતી પ્રવાસન સ્થળોનો સમૂહ છે.આ પ્રવાસન સ્થળોની મુલાકાતે દેશ અને વિદેશના અનેક લાખો પ્રવાસીઓ આવે છે.પ્રવાસીઓના પ્રવાસન હેતું અને સ્વરૂપ અનુસાર ભારતમાં સાંસ્કૃતિક પ્રવાસન, મેડિકલ પ્રવાસન,ધાર્મિક પ્રવાસન, સાહસિક અને મનોરંજન પ્રવાસન, ગ્રામ્ય અને ખેલ પ્રવાસન, યોગ પ્રવાસન, પર્યાવરણ પ્રવાસનનાં વિવિધ પ્રકારો વિકસ્યા છે. પ્રવાસીઓને વધારે સુખ-સુવિધાઓ અને પ્રવાસ આનંદદાય બની રહે તે હેતુસર પ્રવાસન વિભાગ-ભારત સરકાર દ્વારા" અતિથિ દેવો ભવ: " અને સન-૨૦૦૦માં' અતુલ્ય ભારત અભિયાન' વગેરે કાર્યક્રમોનો આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રારંભ થયો છે.

આધુનિક સમયમાં પરંપરાગત પ્રવાસન સ્થળોમાં વોર- ટુરિઝ્મ, ડિઝાસ્ટર ટુરિઝ્મ, સ્લમ ટુરિઝ્મ અને **ડાર્ક- ટુરિઝમ** વગેરે પ્રવાસન સ્થળોનો ઉમેરો થયો છે. પ્રવાસીઓ આ પ્રવાસન સ્થળો પ્રત્યે આકર્ષિત બન્યા છે. આ પ્રવાસનના નવીન અભિગમમાં સાહસ, મનોભાવો, દુ;ખની અભિવ્યક્તિ, શ્રધ્ધાંજલી, વેદના, પ્રાર્થના વગેરે ભાવોનો સમાવેશ થાય છે.

પશ્ચિમી દેશોનાં પ્રવાસીઓમાં **ડાર્ક- ટુરિઝમ** અભિગમ વધ્યો છે અને **ડાર્ક- ટુરિઝમ**ને પ્રવાસન સ્થળ તરીકે સ્વીકાર થયો છે. આ પ્રવાસન સ્થળો ઝડપી વિકાસ, વૃધ્ધિ,તેનું ઐતિહાસિક-સાંસ્કૃતિક મૂલ્ય અને તેનાં વિશિષ્ટ સ્વરૂપ વગેરેના લીધે ઉભરી રહ્યા છે. જો કે Dark Tourism પ્રવાસન ઉધોગ ક્ષેત્રે નવો જ ખ્યાલ છે. છતા તેમાં અનેક રોજગારીની તકો છે. પ્રસ્તુત લેખમાં Dark Tourismની વિભાવના, વિકાસ અને પ્રવાસન સ્થળો વિશે વિગતવાર સમજીએ .

## ૨. ડાર્ક- ટુરિઝમ ની વિભાવના:

**ડાર્ક- ટુરિઝમ** ગ્રીફ પ્રવાસન કે બ્લેક પ્રવાસનથી ઓળખાય છે. આપણા પ્રવાસન ક્ષેત્રે આ વિભાવના નવી અને વિચિત્ર લાગે તેવી છે છતાં પણ આ વિભાવના સાથે ઐતિહાસિક મૂલ્યોનું જ્ઞાન સંકળાયેલું છે. **ડાર્ક- ટુરિઝમ** નો શાબ્દિક અર્થ સમજીએ તો. **ડાર્ક- ટુરિઝમ** મૂળે Thana Tourism (થાના પ્રવાસન) શબ્દ પરથી ઉતરી આવ્યો છે. થાના શબ્દનો ગ્રીક અર્થ " મૃત્યુનો


દેવતા થાય છે. આ ગ્રીક શબ્દ પરથી અંગ્રેજી શબ્દ **ડાર્ક- ટુરિઝમ** આવ્યો છે. જેનો શાબ્દીક અર્થ પ્રવાસીઓ, મૃત્યુ, આપતિઓ, હિંસા અને હત્યાકાંડ વગેરે પ્રવાસન સ્થળોની સંબંધીત કેટલીક ધટનાઓ હોય તેવા સ્થળોની મુલાકાત લે છે. આ પ્રમાણે શાબ્દીક અર્થ થાય છે.

**ડાર્ક- ટુરિઝમ**ની વ્યાખ્યા વિધિવત રીતે Sharpley and Stone ને ૨૦૦૯માં આ પ્રમાણે આપી હતી કે " Dark Tourism is " Travelling towards sites, attracting or events that are somehow linked to negative historical events where death, violence, suffering or disaster may have taken place " .

**ડાર્ક- ટુરિઝમ** એ પ્રવાસીઓને ભૂતકાળમાં બનેલી ઐતિહાસિક હત્યાકાંડ, ઐતિહાસિક યુધ્ધો, મહાપુરૂષોના સ્મારકો, કુદરતી અને માનવ સર્જિત ધટનાઓ વગેરે આવરી લેતા પ્રવાસન સ્થળોનો સમૂહ છે. જેને આપણે' મૃત્યુ કે દુ;ખદ સ્થળોની મુસાફરી ' તરીકે પણ ઓળખી શકાય છે. દા.ત. જલીયાંનવાલા બાગ, વાધા બોર્ડર, રાષ્ટ્રીય સ્મારક- દિલ્હી, સેલ્યુલર જેલ- પોર્ટ બ્લોયર, ભોપાલ દુર્ધટના, ભૂજનો ધરતીકંપ વગેરે.

## ૨.૧. ડાર્ક- ટુરિઝમનાં પ્રકારો :

**ડાર્ક- ટુરિઝમ** પ્રવાસીઓને વાસ્તવિક ધટનાઓથી અને તેનાં ઐતિહાસિક જ્ઞાન પ્રત્યે જાગૃત કરે છે. મુસાફરોને ભૂતકાળમાં માનવી જીવન પર કેવી દુખદ સ્થિતિઓનું નિર્માણ થયું હતું . તેના વિશે જાણકારી આપી તેના મનોભાવો પર અસર કરે છે. પ્રવાસીઓની અભિરુચી પ્રમાણે **ડાર્ક- ટુરિઝમ** નાં સાત પેટા વિભાગોમાં વિભાજીત છે. જે આ પ્રમાણે છે.



## ૨.૩. ડાર્ક- ટુરિઝમ ના મૂળભૂત સિધ્ધાંતો:

**ડાર્ક- ટુરિઝમ** નો સંપૂર્ણ આધાર પ્રવાસીઓ પર રહેલો છે. પ્રવાસીઓ આ સ્થળોની મુલાકાત બાદ દુ;ખદ ધટનાઓની કલ્પનાઓ કરે છે અને તેના પ્રત્યે મનોભાવોમાં સંવેદનાઓ ઉદભવે છે. મોટેભાગે આ પ્રવાસન સ્થળોની મુલાકાત ૩૫ થી ૫૦ વર્ષના પ્રવાસીઓના જૂથો લેતા હોય છે. આ પ્રવાસન ક્ષેત્રનાં ચોક્કસ સિધ્ધાંતો આધારીત છે.જે મૂળભૂત સિધ્ધાંતો નીચે પ્રમાણે છે.

1. શ્યામ આનંદી સ્થળો -Dark Fun Factories –
2. શ્યામ પ્રદર્શનો -Dark Exhibitions –
3. અંધારી અંધાર કોટડી જેવી જગ્યાએ -Dark Dungeons-
4. શ્યામ તીર્થો -Dark Shrines-
5. શ્યામ વિશ્રામ સ્થાનો-Dark Resting Places
6. શ્યામ વિરોધાભાસી સ્થળો-Dark Conflict Sites
7. સામૂહિક હત્યાના અંધારા સ્થળો- Dark Places of Mass killing-

## 3. ડાર્ક- ટુરિઝમ નો પ્રારંભ અને વિકાસ:

**ડાર્ક- ટુરિઝમ**ની વિભાવના પશ્ચિમી દેશોની દેન છે. આપણે ત્યાં તેની સ્થિતિ પ્રારંભિક અવસ્થામાં છે. **ડાર્ક- ટુરિઝમ**ને ઐતિહાસિક વારસાનાં સંયોજન તરીકે પણ વર્ણવી શકાય છે. **ડાર્ક- ટુરિઝમ** માં ઐતિહાસિક ધટનાઓ, સ્મારકો, કિલ્લાઓ, મકબરાઓ, કુદરતી અને માનવ આપત્તીનાં સ્થળો, ઐતિહાસિક જૈલ સ્થળો, ઐતિહાસિક લડાઇઓનાં સ્થળો, શ્રાપિત સ્થળો,.વગેરે સાંસ્કૃતિક પ્રવાસનથી તેનું વિસ્તરણ થઈ શકે છે.

**ડાર્ક- ટુરિઝમ**ની વિભાવના પહેલીવાર ઇ.સ.૧૯૯૬માં જોન લેનન અને મૈલ્કમ ફોલી દ્વારા રજૂ થઈ હતી. જે ગ્લાસગો કેલેડોનિયન યુનિ.નાં પર્યટન વિભાગનાં પ્રોફેસરો હતા.આ પશ્ચિમી પ્રવાસનનો ફેલાવો યુરોપ, અમેરિકા, ઑસ્ટ્રેલીયા અને ત્યાર બાદ એશિયન દેશોમાં વિકસિત બન્યો હત્તો. ૯૦નાં દાયકામાં પ્રારંભાયેલ આ પ્રવાસનને લેનન અને ફોલી દ્વારા તેની વ્યાખ્યા, ખ્યાલ , સિધ્ધાંતો અને મોડલો બન્યા હતા.

**ડાર્ક- ટુરિઝમ**નું પ્રથમ સંશોધન ઇન્ટરનેશનલ જર્નલ ઓફ સાયન્સમાં પ્રસિધ્ધ થયું હતું. જયારે ફિલિપ સ્ટેફન દ્વારા આ વિષયનું પ્રથમ શૈક્ષણિક કેન્દ્ર ખોલાયું અને જે ધ ઇન્સટીટ્યુટ ફોર ડાર્ક ટૂરિઝમ રિસર્ચ થી જાણીતું બન્યું. ડાર્ક ટૂરિઝમના પ્રચાર અને પ્રસાર માટે મહત્વની

ભૂમિકા આ સંસ્થાએ નિભાવી હતી અને સમયનાં પ્રવાહની સાથે આ વિષય પર અનેક સંશોધકોએ પોતની ભાગીદારી નોંધાવી હતી.

ઇ.સ. ૨૦૦૧થી **ડાર્ક- ટુરિઝમ** પ્રત્યે સમગ્ર વિશ્વ રસનું ધ્યાન કેંદ્રીત થયું. જેમાં વર્ડ ટૂરિઝમ ઓર્ગેનાઇઝેશન અને વર્ડ ટ્રાવેલ્સ એન્ડ ટૂરિઝમ કાઉન્સિલ કામગીરી નોંધ પાત્ર બની હતી. આ સંસ્થાઓના અહેવાલોએ પણ **ડાર્ક- ટુરિઝમ** ને સૌથી મોટો અને ઝડપી વિકસીત પ્રવાસન ઉધોગ તરીકે માપન કર્યું છે.

પ્રાચીન રોમનયુગમાં **ડાર્ક- ટુરિઝમ** ના અંશો જોવા મળ્યા હતા અને ત્યાર બાદ **ડાર્ક- ટુરિઝમ** કેંદ્રમાં રાખી પશ્ચિમી દેશોમાં અનેક પ્રવાસન સ્થળો વિકસ્યા છે. જયારે ભારતમાં આ સબંધીત અનેક પુરાઓ મળે છે. ભારતીય ઇતિહાસમાં અનેક ઐતિહાસિક યુધ્ધો, આપતીઓ સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહાનુભાવોની જેલ, અંગ્રેજોની કબરો, નરસંહાર વગેરે **ડાર્ક- ટુરિઝમ** ની વિભાવનામાં આવ્યા છે આથી તે પ્રવાસન સ્થળો ઝડપી વિકાસની અનેક તકો રહેલી છે. દા.ત. જલીયાન વાલા બાગ-પંજાબ, તાજ મહેલ, પાણીપતનું યુધ્ધ, ગ્વાલીયરનો કિલ્લો, સેલ્યુલર જેલ- આદામન- નિકોબાર, ગાંધી- સ્મૃતિ- બિરલા ભવન- દિલ્હી, તાજ હોટેલનો આંતકી હુમલો- મુંબઈ વગેરે

## ૪. ભારતમાં ડાર્ક- ટુરિઝમ ના પ્રવાસન સ્થળો :

પશ્ચિમી દેશોમાં **ડાર્ક- ટુરિઝમ** ના અનોખા સ્વરૂપને ધ્યાન રાખી, મોટી સંખ્યામાં પ્રવાસીઓનું આગમન થઈ રહ્યું છે. અમેરિકાનાં ન્યુયોર્કમાં ગ્રાઇન્ડ ઝીરો સૌથી પ્રખ્યાત ડાર્ક ટૂરિઝમના સ્થળો બન્યા છે. **ડાર્ક- ટુરિઝમ** ભારતનાં સંદર્ભે વાત કરીએ તો ભારતમાં અનેક વૈવિધસભર પ્રવાસન સ્થળો આવેલા છે. ભારતના રાણાનો મહેલ- રાણપૂર- ગુજરાત, તખ્તેશ્ર્વર મંદિર,ભાવનગર- ગુજરાત, ભુજીયો ડુંગર, કચ્છ- ગુજરાત, ઉરી- કાશ્મીર, નિલમવેલી- કાશ્મીર, ધનોકટી- ઉતરાખંડ વગેરે પ્રવાસન સ્થળોનું ઐતિહાસિક, પ્રાકૃતિક અને સાંસ્કૃતિક મહત્વ રહ્યું છે. આ પ્રવાસન સ્થળો સુધી પ્રવાસીઓ પહોંચ્યા નથી. ભારતના આ પ્રવાસન સ્થળોનું મહત્વ પ્રવાસન ક્ષેત્રે મહત્વ ઓછું આંકી શકાય નહિ. ભારતના પ્રવાસન સ્થળોમાં **ડાર્ક- ટુરિઝમ**ના Holocaust Tourism, Disaster Tourism, War Tourism, Grave Tourism, Jail Tourism, Genocide Tourism સ્વરૂપો વિક્સીત થઈ શકે એવી અનેક સંભાવના રહી છે. ભારતમાં **ડાર્ક- ટુરિઝમ** ની શ્રેણીમાં સમાવિષ્ટ થઈ શકે એ પ્રવાસન સ્થળોનો ટૂંકો પરિચય નીચે પ્રમાણે છે.

### ૪.૧. જલીયાનવાલા બાગ- પંજાબ :

જલીયાંવાલા બાગ Holocaust Tourismનો પ્રકાર છે. જેમાં પ્રવાસીઓ સ્મારકોની મુલાકાત લે છે. આ બાગ ૧૩-એપ્રિલ -૧૯૧૯ના રોજ અમૃતસરના જલીયાંવાલા બાગમાં વૈશાખીના દિવસે એકત્ર થયા હતા. જનરલ ડાયર દ્વારા આ નિર્દોષ લોકો પર ગોળીબાર થયો હતો. અનેક લોકો આ ધટનામાં શહીદ થયા હતા. આ શહીદોના બલીદાનને ભાવી પેઢીઓ સ્મરણીય બને, તે હેતુસર આ બાગમાં સ્મારક બન્યું છે. સન ૨૦૧૯માં મા. વડાપ્રધાન દ્વારા તેનું નવીનીકરણ થયું. પ્રવાસીઓ આ બાગમાં ગોળીબારના નિશાનો, મુખ્ય સ્મારકામાં શહીદોને શ્રધ્ધાંજલી અને ચાર ગેલેરીઓ દ્વારા સમગ્ર ધટનાનું ચિત્રાત્મક વર્ણન છે. શહીદોને માન સ્વરૂપ અમર જયોત પ્રજવલીત છે. પ્રવાસીઓ આ જલીયાનવાલા બાગ હત્યાકાંડનું દ્રશ્ય અને શ્રાવ્ય દ્વારા સમજ મેળવે તે હેતુસર લાઇસ એન્ડ સાઇન્ડ શોનું આયોજન છે. આ બાગમાં પ્રવાસીઓ નરસંહારની ધટનાનું ઐતિહાસિક મહત્વ અને શહીદોને શ્રધ્ધાંજલી આપવા આગમન થઈ રહ્યું છે.

## ૪.૨. તાજ મહેલ :

તાજ મહેલ **ડાર્ક- ટુરિઝમ** ની Holocaust Tourism અને Grave Tourismની શ્રેણીનો સમંવય છે. આપણે તેના સ્થાપત્યનાં અતિત વિશે જાણીએ છીએ કે ઇ.સ. ૧૬૩૨માં તેનું નિર્માણ થયું. તાજ મહેલ સમ્રાટ શાહજહાંએ મુમતાજમહેલના સંભારણાનું પ્રતિક છે.તાજ મહેલ સ્થાપત્યની પરીભાષામાં તેને મકબરો કહે છે અને ત્યાં મુમાતાજની કબ્ર છે.આ ઉચ્ચ કોટીના સ્થાપત્યને ઇ.સ.૧૯૮૩માં તેને વર્ડ હેરીટેઝ તરીકે ખ્યાતી મળી છે. તાજ મહેલ **ડાર્ક- ટુરિઝમ** ના સ્વરૂપ Holocaust Tourism અને Grave Tourismની મુલાકાતે આવનાર પ્રવાસીઓ સંખ્યા લાખોમાં છે.આ પ્રવાસીઓ પ્રવાસન ઉધોગને વેગવાન બનાવે છે. તાજમહેલની મુલાકતે આવનાર પ્રવાસીઓને કોસ્ટક આધારે સમજીએ.

| પ્રવાસીઓ સંખ્યા( લાખમાં) | | |
|---|---|---|
| ક્રમ | વર્ષ | પ્રવાસીઓ |
| ૧. | ઇ.સ.૨૦૧૫ | ૬૫.૧૩ લાખ |
| ૨. | ઇ.સ.૨૦૧૬ | ૬૫.૦૦ લાખ |
| ૩. | ઇ.સ.૨૦૧૭ | ૫૪.૨૨ લાખ |
| ૪. | ઇ.સ.૨૦૧૮ | ૬૦.૯૪ લાખ |

## ૪.૩. સેલ્યુલર જેલ- આંદામાન – નિકોબાર- પોર્ટ બ્લેયર

સેલ્યુલર જેલ -જેલ પ્રવાસનથી વિકસી રહ્યું છે. આ જેલનું નિર્માણ ઇ.સ. ૧૮૯૬ થી ઇ.સ. ૧૯૦૬ની વચ્ચે થયું. આ જેલ પોર્ટ બ્લેર રાજધાનીમાં સ્થિત છે. આ જેલ બ્રિટિશ સરકાર સામે વિદ્રોહ કરનાર ક્રાંતિકારીઓને કાળાપાણીની સજાનું કેંદ્ર રહી છે. આ ક્રાંતિકારીઓમાં મુખ્ય વિનાયક સાવરકર, બાબા સાવરકર, સતિંદ્ર સાન્યાસ, વગેરે હતા. આ જેલમાં બ્રિટિશ સરકારના અધિકારીઓ ક્રાંતિકારીઓને અનેક શારીરિક- માનસિક યાતનાઓ અને સજાઓ અપાતી હતી. જેની તેમનાં મનોભાવો અત્યંત ખરાબ અસર થઈ હતી.

જેલ હવે ભારત સરકારના આધિન છે અને તેને રાષ્ટ્રીય સ્મારક તરીકે વિકાસ કર્યો છે અને આ સ્મારકને વડાપ્રધાન દ્વારા ૧૧મી ફેબ્રુઆરી- ઇ.સ.૧૯૭૯ના રોજ ભારતના લોકોને સમર્પિત કર્યું હતું. આ સ્મારક બ્રિટિશ યુગ દરમિયાન ક્રાંતિકારીઓના જીવનનું પ્રદર્શન કરે છે.સેલ્યુલર જેલ ભારતીય સ્વાતંત્ર્ય સેનાનીઓએ સ્વતંત્રતા લડતના સંઘર્ષોની એક ગૌરવપૂર્ણ યાદ છે,  શહીદોની યાદમાં, સેલ્યુલર જેલમાં દર મંગળવાર, ગુરુવાર, શનિવાર અને રવિવારે લાઇટ એન્ડ સાઉન્ડ શોનું આયોજન થાય છે.જે બ્રિટિશ કાળ દરમિયાન જેલમાં રહેલા કેદીઓના જીવનની સાથે સ્વતંત્રતા ચળવળના હૃદયસ્પર્શી ઈતિહાસનું પણ વર્ણન કરે છે.

આ સ્મારકમાં પરિસરમાં પ્રદર્શન ગેલેરી (સ્વાતંત્ર્ય સેનાનીઓના ફોટા) . આઝાદીના પ્રથમ યુદ્ધની એક ગેલેરી અને એક જૂની ફોટોગ્રાફ ગેલેરી ,આર્ટ ગેલેરી, નેતાજી ગેલેરી અને સ્વતંત્રતા ચળવળ પર પુસ્તકાલય વગેરે આવ્યા છે.ક્રાંતિકારીઓની સ્મૃતિમાં સ્વાતંત્ર્ય જ્યોત અહીં કાયમ માટે પ્રજ્વલિત છે. જે તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શહીદોનાં બલિદાનોના પ્રતિક સ્વરૂપની બની છે. સ્વાતંત્ર્ય જયોતને મુલાકાતે આવના અનેક પ્રવાસીઓ ભાવભરી શ્રધ્ધાંજલી આપે છે.આ સ્મારકની મુલાકાતે આવનાર પ્રવાસીઓ અને પ્રવાસન સ્થળની આવક(ઇ.સ.૨૦૧૫ થી ઇ.સ.૨૦૧૭) નીચે કોષ્ટક દ્વારા સમજીએ.

| Cellular jail, Arrival Tourist and Income | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | 2015 | | 2016 | | 2017 | |
| Month | Tourist | Income | Tourist | Income | Tourist | Income |
| January | 20843 | 319730 | 18895 | 578250 | 39330 | 1190100 |
| February | 18558 | 292705 | 19492 | 597130 | 33552 | 1014160 |
| March | 19571 | 299275 | 21190 | 656700 | 34182 | 1034260 |
| April | 16331 | 232560 | 20498 | 620340 | 29244 | 883320 |
| May | 16934 | 233530 | 20411 | 620330 | 27698 | 837740 |
| June | 10979 | 140880 | 15851 | 477530 | 20385 | 614950 |
| July | 8643 | 110580 | 11251 | 339930 | 11559 | 347370 |
| August | 9255 | 123075 | 7450 | 527300 | 3417 | 103110 |
| September | 9672 | 299360 | 21871 | 661930 | | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| October | 13223 | 407860 | 30029 | 913270 | 48903 | 1504430 |
| November | 14227 | 437010 | 36736 | 1109282 | | |
| December | 20060 | 616400 | 37892 | 116450 | | |
| Total | 178296 | 3512965 | 261506 | 8266340 | 248270 | 7529440 |

## ૪.૪. રાષ્ટ્રીય યુધ્ધ સ્મારક – દિલ્હી

રાષ્ટ્રીય યુધ્ધ સ્મારક- દિલ્હી war Tourism સ્વરૂપનું છે. આ સ્મારકનું ઉદઘાટન ૨૫ ફેબ્રુઆરી- ઇ.સ.૨૦૧૯ના રોજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા થયું અને આ સ્મારક ભારતના સશસ્ત્ર દળોને સમર્પિત કરવામાં આવ્યું હતું.આ સાથે મા. વડાપ્રધાન દ્વારા ઇન્ડિયા ગેટ પરની અમર જવાન જયોત આ સ્મારકમાં વિલીનીકરણ કરી હતી.આ સ્મારક ભારતીય બલિદાન અને સમર્પણના પ્રતિક સમું છે.  આ સ્મારકમાં ૨૬ હજારથી વધારે જવાનો જે પ્રથમ વિશ્વ યુધ્ધ, ઇ.સ.૧૯૭૧ના યુધ્ધ અને તે પછીના યુધ્ધોમાં શહીદ થયેલ જવાનોના નામ સ્મારક પર અંકિત છે.આ સ્મારકમાં પ્રવાસીઓ ભારતીય સ્વા. મહાનુભાવો, શહીદો વગેરેને શ્રધ્ધાંજલી અર્પિત કરી, ભારતના ભવ્ય ભૂતકાળની યશોગાથાનું સ્મરણ કરે છે. પ્રવાસીઓ War Tourism સાથે સંકળાયેલા અન્ય પ્રવાસન સ્થળો રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક, પરમ યોદ્ધા સ્થળ, ઈન્ડિયા ગેટ, ચિલ્ડ્રન્સ પાર્ક વગેરે જોઇ શકે છે.

## ૪.૫. અન્ય પ્રવાસન સ્થળો :

પ્રવાસીઓ **ડાર્ક- ટુરિઝમ**ની શ્રેણી અનુરૂપ નીચે પ્રમાણે કોષ્ટકના પ્રવાસન સ્થળોની મુલાકાત કરી શકે છે.

| ક્રમ | પ્રવાસન સ્થળ | સ્થળ |
|---|---|---|
| ૧. | ભાનગઢનો કિલ્લો | રાજસ્થાન |
| ૨. | ડુમસ બીચ | ગુજરાત |
| ૩. | ગાંધી સ્મૃતિ –બિરલા હાઉસ | દિલ્હી |
| ૪. | ભોપાલ દુર્ઘટના | ભોપાલ |
| ૫. | તાજ હોટેલ | મુંબઈ |
| ૬. | થ્રી કિંગ્સ ચર્ચ | ગોવા |
| ૭. | વાઘા બોર્ડર | પંજાબ |
| ૮. | શનિવારવાડા કિલ્લો | પૂણે |
| ૯. | ગ્વાલિયરનો કિલ્લો | ગ્વાલિયર |

## ૫. ડાર્ક- ટુરિઝમ ના અવરોધક પરિબળો :

**ડાર્ક- ટુરિઝમ** ઉપરોકત પ્રવાસન સ્થળો પ્રત્યે સાહસિક પ્રવાસીઓનું આગમન વધી રહ્યું છે. આ પ્રવાસનના ઉભરતા ખ્યાલને વિકાસ માટે પ્રવાસન વિભાગ અને સ્થાનિક સ્તરે સકારત્મક અભિગમ, ખોટી અફવાઓ, દંત કથાઓ અને સામાજીક અને રાજકીય સંઘર્ષ વગેરેને નિવારીને,આ પ્રવાસનની શ્રેણીનો વિકાસ કરી શકાય છે. **ડાર્ક- ટુરિઝમ** નાં વિકાસ માટે કેટલા અવરોધક પરિબળો છે. જે નીચે પ્રમાણે સમજીએ.

૧. **ડાર્ક- ટુરિઝમ** નાં પ્રવાસન સ્થળોની યોગ્ય જાહેરાતનો અભાવ

૨. યોગ્ય સુવિધાઓનો અભાવ

૩. સ્થાનિક લાગણીઓનું નિવારણ

૪. યોગ્ય જાળવણી

૫. આંતરરાષ્ટ્રીય ઓળખ

## ૬. તારત્મય :

ભારત સમૃધ્ધ સાંસ્કૃતિક વારસોનો લાંબો ઇતિહાસ ધરાવે છે. આ સાંસ્કૃતિક ધરોહર થકી અનેક પ્રવાસન સ્થળોનો વિકાસ થયો છે.આ પ્રવાસન સ્થળોમાં **ડાર્ક- ટુરિઝમ** નાં તમામ સ્વરૂપો સાથે બંધ બેસે છે અને પ્રવાસીઓ માટે પસંદગીનાં બની શકે છે. ભારતમાં વિશ્વભરનાં પ્રવાસીઓ માટે ડાર્ક ટુરિઝમની સંભાવના અનેક છે અને તેનો પ્રારંભ રાષ્ટ્રીય સ્મારક- દિલ્હી, જલિયાનવાલા બાગ- પંજાબ વગેરે પ્રવાસન સ્થળોથી થઈ ચૂક્યો છે. હજુ પણ ભારતમાં ડાર્ક ટુરીઝમનાં પ્રવાસન સ્થળો પ્રત્યે રૂઢિચુસ્ત દુષ્ટીકોણ સંકળાયેલો છે. આથી ડાર્ક ટુરીઝમનાં વિકાસ માટે હજુ લાંબી મુસાફરી ખેડવી પડશે કારણ કે ભારત તેની સંસ્કૃતિઓ, ધર્મો, તહેવારો વગેરે માટે સમગ્ર વિશ્વમાં જાણીતું છે. ભારતીય સંસ્કૃતિ વિવિધતામાં એકતા રહેલી છે. આ ડાર્ક ટુરિઝમ સ્થળોથી ભારતીય સાંસ્કૃતિક વારસા સાથે જોડાયેલા છે. આથી આ સાંસ્કૃતિક વારસાની ઓળખ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ખરડાય નહિ એ માટે ભારતમાં ડાર્ક ટુરીઝમનો વિકાસ અલ્પ સંભવિત રહ્યો છે. ભારતમાં ડાર્ક ટુરિઝમનાં વિકાસ માટે યોગ્ય સંકલન, શરૂઆત, સાનુકુળ પ્રવાસન નીતિ તથા સામાજીક અને રાજકીય વિવાદોનો અંત વગેરે બાબતોનું આયોજન અને નિવારણ જરૂરી છે. આ દિશા તરફનાં યોગ્ય અમલીકરણથી પ્રવાસીઓનાં આગમન અને પ્રવાસન ઉધોગમાં અનેક વિકાસની તકોનું સર્જન થશે.

**•સંદર્ભ સુચી:**


૧.કોરાટ, ડૉ.પી.જી., ઇતિહાસમાં પ્રવાસન વિનિયોગ, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ.,૨૦૦૪.

૩.ગુજરાત સમાચાર, તા. ૨૩ જાન્યુઆરી-૨૦૨૨, ન્યુઝ ફોક્સ લેખ... પે.૧૦.

૩. नेगी, जगमोहन,पर्यटन एवं यात्रा के सिध्धांत, तक्षशीला प्रकाशन, दिल्ही, प्र.आ., २००७

४. नेगी,जगमोहन,आधुनिक पर्यटन एवं यात्रा के आधारभूत सिध्धांत, तक्षशीला प्रकाशन, दिल्ही,प्र.आ., २०१०

५. जोषी, अतुल, (सं), ईको- टुरिझम, तक्षशीला प्रकाशन, दिल्ही, प्र.आ., २०१३.

६. शर्मा, संजय कुमार, पर्यटन एवं पर्यटन उत्पाद, तक्षशीला प्रकाशन, दिल्ही,प्र.आ., २०१४.

७. सिल्पोकर, संतोष, अतुल्य भारत, वर्ष-६, अंक-२१ ( जुलाई- सिते.)पर्यटन मंत्रालय, भारत सरकार, दिल्ही, २०२०

८. सिल्पोकर, संतोष, अतुल्य भारत, वर्ष-५, अंक-२० ( अप्रेल-जून) पर्यटन मंत्रालय, भारत सरकार,दिल्ही, २०२०

९. सिल्पोकर, संतोष, अतुल्य भारत, वर्ष-५, अंक-१९ ( जनवरी- मार्च.)पर्यटन मंत्रालय, भारत सरकार, दिल्ही, २०२०

१०. सिल्पोकर, संतोष, अतुल्य भारत, वर्ष-६, अंक-२३ ( जनवरी-मार्च ) पर्यटन मंत्रालय, भारत सरकार,दिल्ही, २०२१

११. सिल्पोकर, संतोष, अतुल्य भारत, वर्ष-५, अंक-१७ ( जुलाई- सिते.) पर्यटन मंत्रालय, भारत सरकार,दिल्ही, २०१९

१२.Sneha, kala, Article, Contribution of Dark Tourism in Indian GDP in Context of Taj Mahal and Cellular Jail, Adalya Journal, Issn-1301-2746, V-8, I-10, Oct-2019.

૧૩. Nail, Sandeep, Dark Tourism Concept, Features and Significance in Indian, Article, JRAR, 2019, V-6, I-12.